# બોગસ ફાળવણી પત્ર બનાવી નવ ઉમેદવારો નોકરી લેવા પહોચ્યા

**અલગ અલગ પાંમ વિભાગોમાં હાજર થવા પહોંચેલા બોગસ ઉમેદવારો જુનિયર કલાર્કનુ વેઇટીંગ લીસ્ટ વેરીફાઇ કરતા ખુલ્લા પડયા : વિભાગના અધિકારીઓ નવ ઉમેદવારોને લઇને ગૌણ સેવા પહોચ્યા : બોગસ લેટર જણાંતા ગૌણ સેવાએ તમામ ઉમેદવારોને પોલીસના હવાલે કર્યા : મોટુ કૌભાંડ ખુલે તેવી શક્યતા : સે-૭ પોલીસ મથકમા ગુન્હો દાખલ**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં જુનિયર કલાર્ક નુ વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવામાં આવ્યુ હતુ. વેઈટીંગ લીસ્ટ ઓપરેટ થયા બાદ આજે અલગ અલગ સરકારી પાંચ વિભાગોમાં હાજર થવા પહોંચેલા ગાંધીનગર , હીંમતનગર અને પાલનપુર વિસ્તારના ૯ ઉમેદવારો ગૌણ સેવા પસંદગી મંડળના બનાવટી ફાળવણી પત્ર બનાવીને નોકરી મેળવવા પહાંચી ગયા હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આ ઉમેદવારો જે જે વિભાગોમાં પોતાનો બોગસ ફાળવણી પત્ર લઈને પહોંચ્યા હતા તે વિભાગો દ્વારા ગૌણ સેવાનુ વેઈટીંગ લીસ્ટ વેરીફાઈ કરતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને વિભાગના કર્મચારીઓ તમામ ઉમેદવારોને લઈને ગૌણ સેવાની કચેરીએ પહોંચી ગયા હતા. ઉમેદવારો દ્વારા સરકારી નોકરી મેળવવા બોગસ ફાળવણી પત્ર તૈયાર કરી વિભાગોમાં નોકરી મેળવવા પહોચ્યા હોવાની વિગતોને પગલે ગૌણ સેવાના સચિવે પોલીસ બોલાવી તમામ બોગસ ઉમેદવારોને પોલીસના હવાલે કરી દીધા હતા ગૌણ સેવાના કર્મચારી દ્વારા તમામ ૯ ઉમેદવારો સામે ફરિયાદ અપાતા સે-૭ પોલીસે ગુન્હો દાખલ કરી આ કૈભાંડના મુળ સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

મળતી માહીતી મુજબ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જુનિયર કલાર્કનુ વેઈટીંગ લીસ્ટ ઓપરેટ થયાબાદ આજે અલગ અલગ વિભાગો જેવા કે પુરાતત્વ વિભાગ, બાગાયતી વિભાગ , રોજગાર અને શ્રમ વિભાગ અન્ન અને નાગરિક વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગમા અલગ અલગ નવ ઉમેદવારો પોતે વેઈટીંગ લીસ્ટ ઓપરેટ થતા જુનિયર કલાર્કના ફાળવણી પત્ર સાથે વિભાગમાં હાજર થવા પહોંચ્યા હતા. વિભાગ દ્વારા ઉમેદવારોના ફાળવણી પત્ર અને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મળેલુ વેઈટીંગ લીસ્ટ બન્નેના નામો સરખાવી વેરીફાઈ કરતા વિભાગ પણ ચોંકી ગયુ હતુ. કાં તો આ ઉમેદવારોને કોઈ ગઠીયાએ બોગસ ફાળવણી પત્રો પધરાવી લાખો રૂપિયા પડાવી લીધા હોય કાં તો પોતે સરકારી નોકરી મેળવવા અને અંગત આર્થિક લાભ મેળવવા જાતે નિમણુંક પત્રો તૈયાર કરી કચેરીમાં હાજર થવા આવ્યા હોય !! સમગ્ર મામલે અલગ અલગ પાંચેય વિભાગો દ્વારા બોગસ ફાળવણી પત્ર લઈને હાજર થવા આવેલા ૯ ઉમેદવારોને લઈને સે -૧૦ એ કર્મયોગી ભવન બ્લોક નં - ૨ માં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાં પહોચ્યા હતા. ગૌણ સેવાના સચિવે પણ આ ફાળવણી પત્ર વેરીફાઈ કરતા બનાવટી હોવાનુ બહાર આવ્યુ હતુ અને તાત્કાલિક સમગ્ર ઘટના અંગે પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. સે-૭ પોલીસે બનાવટી ફાળવણી પત્ર બનાવી નોકરી મેળવવા પહોંચેલા તમામ ૯ ઉમેદવારોને ઉઠાવી લઈને તેમની સામે આઈ પી સી કલમ ૪૨૦,૪૬૫,૪૬૬,૪૬૮,૪૭૧ અને ૧૧૪ મુજબ ગુન્હો દાખલ કરી પી એસ આઈ એ જે શાહને તપાસ સોપી છે.

### બોગસ ફાળવણી પત્ર લઈને નોકરી મેળવવા પહોચેલા ઉમેદવારો

૧. સાગર જગદીશ પટેલ ઈન્દ્રનગર સોસાયટી હિંમતનગર સાબરકાંઠા
૨. મનન હસમુખ પટેલ, સાબલવાડા કંપા ઈડર, સાબરકાંઠા
૩. જીનલ જિતેન્દ્ર પ્રજાપતિ કોલવડા શાંતિનગર, ગાંધીનગર
૪. શાહીલ રમેશ પટેલ, નવલપાર્ક સોસાયટી પાલનપુર
૫. પાયલકુંવરબા રાજેન્દ્રસિંહ રાઓલ, નિલકંઠ સોસાયટી માણસા ગાંધીનગર
૬. પાયલ અરવિદ પટેલ ,પ્લોટ નં ૫૬૭/૨ સે -૬ બી ગાંધીનગર
૭. અરવિંદ મંગળ પટેલ પ્લોટ નં ૫૬૭/૨ સે-૬ બી ગાંધીનગર
૮. ગોરવ રઘુવીર રાઠોડ પ્રહલાદનગર અમદાવાદ
૯. રવિન્દ્રગીરી હસમુખગીરી વૈરાગી ધાણદા, પાલનપુર

## આજે મનપાની જુનિયર ક્લાર્કની ભરતી માટે ૧.૫૦ લાખથી વધુ ઉમેદવારો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં જુનિ. કારકુનની પરીક્ષા માટે આજે ૧.૫૦ લાખ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. મનપા દ્વારા આજની આ પરીક્ષા માટે જિલ્લા પોલીસતંત્રને પણ જરૂરી અને ચુસ્ત બંદોબસ્ત રાખવા માટે જાણ કરવામાં આવી છે.

મનપાની આ વખતીની ભરતી માટેની સમગ્ર જવાબદારી જી.ટી.યુ.ને સોંપવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૧ મોટા શહેરોમાં ૨૧૨ કેન્દ્રો પર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ પરીક્ષાર્થી અમદાવાદમાં ૩૮,૭૪૯, વડોદરામાં ૨૨,૬૧૧, રાજકોટમાં ૧૭,૭૭૨, ગાંધીનગરમાં ૧૯,૬૯૪, સુરતમાં ૧૧,૩૨૦, મહેસાણામાં ૧૨૪૨૩ પરીક્ષાર્થીઓ નોંધાયા છે.

દરમ્યાન મળતી એક રસપ્રદ માહિતી પ્રમાણે વોર્ડ નં. ૮ના કાઉન્સીલર પાયલબેન મેણાત પણ આજે યોજાનાર જુ. કલાર્કની ભરતીમાં એક ઉમેદવાર છે. તેઓએ આ પરીક્ષા માટે પુરતી તૈયારીઓ કરી છે.

## વડાપ્રધાનના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે આજે રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૮મા જન્મદિનની ઉજવણીના ભાગરૂપે તેમને શુભેચ્છા પાઠવવા ગાંધીનગરના શ્રી મોઢ વણિક મોદી સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ બ્લડ ડોનેશન કેમ્પ તા. ૧૬મી સપ્ટેમ્બર રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન ઘ-૫ સર્કલ પાસે સેક્ટર-૨૩માં સ્વામિનારાયણ ગુરૂકુલ સત્સંગ ભવન ખાતે યોજાશે. જેમાં આમંત્રિત મહેમાન પદે સત્સંગ શિક્ષા પરિષદના મેનેજીંગ ટ્રસ્ટી પૂ. શાસ્ત્રી રામકૃષ્ણદાસ (રામસ્વામી) અને ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપસ્થિત રહેશે.



## સિવિલમાં દુંદાળા દેવની પૂજા-અર્ચના કરાઈ

શહેરમાં ગણેશોત્સવની ઉજવણી ધામધુમથી કરવામાં આવી રહી છે. શહેરમાં પાંચ તો મોટા પંડાલોમાં વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમો યોજાય છે. સાંસ્કૃતિ કાર્યક્રમો નિહાળવા માટે નગરજનો પણ મોટીસંખ્યામાં શ્રીજીના પંડાલોમાં જાય છે. ત્યારે આજે સવારના ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં આવેલ શ્રીજીની મૂર્તિને પૂજા અર્ચના ડો. દિનકર ગોસ્વામી દ્વારા કરવામાં આવી હતી અને દર્દીઓ તેમજ સ્ટાફને પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સિવિલના આર.એમ.ઓ. ડો.રાજેન્દ્ર ચૌહાણ, ડો. કલ્પેશ પરીખ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિ પટેલ, તેમજ સિવિલનો નર્સિંગ સ્ટાફ, વહીવટી સ્ટાફ, સિક્યુરીટીગાર્ડ અને રાજદીપ એન્ટરપ્રાઈઝના સુપરવાઈઝર્સ તેમજ કર્મચારીઓ સહિત દર્દીઓ અને તેમના સ્નેહીજનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે સિવિલ સંકુલમાં દુંદાળા દેવની પૂજા કરી સિવિલ સ્ટાફના અધિકારી-કર્મચારીઓએ ધન્યતા અનુભવી હતી.

## સોમવારે ગાંધીનગર કોર્ટના વકીલો સૂત્રોચ્ચાર અને દેખાવો કરી આવેદનપત્ર આપશે

**સુપ્રિમના ચુકાદાથી નારાજ વકીલો કાળી પટ્ટી ધારણ કરશે**

ગાંધીનગર તા ૧૫

કોઈપણ પ્રસંગ કે ઘટના મુદ્દાને ધ્યાને લઈ કોર્ટમાં હડતાળ, બહિષ્કાર અને કોર્ટ કામગીરીથી અળગા રેહવા પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ ફરમાવતા ચુકાદાને અનુલક્ષીને વકીલ આલમમાં વિરોધ પ્રવર્તયો છે. આ મામલે ગાંધીનગર કોર્ટના વકીલો પણ આગામી સોમવારથી કાળી પટ્ટી ધારણ કરશે જયારે આ અંગે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી દેખાવો કરશે.

સુપ્રિમ કોર્ટના ચુકાદાના ગુજરાત સહીત દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કોઈપણ પ્રસંગ કે ઘટના મુદ્દાને ધ્યાને લઈ કોર્ટમાં હડતાલ કે બહિષ્કાર અને કોર્ટ કામગીરીથી અળગા રહેવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ચુકાદાના લીધે વકીલઆલમમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. વકીલોએ આ અંગેની રજુઆતમાં જણાંવ્યા મુજબ સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો વકીલોના મુળભુત અધિકારો પર સીધો પ્રહાર સમાન છે. જયારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ મામલે વકીલોને જાગૃત થવા માટે અભિયાન હાથ ધર્યુ છે. બાર કાઉન્સિલના ચેરમેન દિપેન દવે અને ગુજરાત બાર કાઉન્સિલ રૂલ્સ કમિટીના ચેરમેન શંકરસિંહ ગોહીલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિર્દેશ મુજબ રાજયમાં વકીલ આલમ માટે કાર્યક્રમોની જાહેરાત કરી છે. ગુજરાતની તમામ કોર્ટના વકીલો પણ આ મામલે જાગૃતિ દાખવી દેખાવો અને સુત્રોચ્ચાર કરે તે મુજબના કાર્યક્રમો નુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર કોર્ટમાં પણ અંદાજિત ૧૫૦૦ થી પણ વધુ વકીલો જુદા જુદા કેસોની પ્રેકટીસ અર્થે આવે છે. જયારે જિલ્લામાં દહેગામ અને કલોલ ,માણસા કોર્ટના વકીલો પણ આ મામલે સુત્રોચ્ચાર કરી દેખાવો કરશે. જે અન્વયે ગાંધીનગર બાર એસોસિએશને પણ આગામી સોમવારે આ મામલે વકીલોએ કાળી પટ્ટી ધારણ કરી , સુત્રોચ્ચાર સહીત દેખાવો કરવાની જાહેરાત કરી છે. જયારે સોમવારે વકીલો કાળી પટ્ટી ધારણ કરી કામકાજ કરશે. જયારે આ મામલે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પણ સુપ્રત કરશે.

## આજે શહેરમાં શિક્ષકોનું અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરની જે.એમ.ચૌધરી શાળા સેકટર-૭ ખાતે બપોરના ૧ કલાકે ગુજરાતના માધ્યમિક અને શિક્ષકોના એક અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર રાજયમાંથી ભાવિ આચાર્ય મિત્રો હજ્જારોની સંખ્યામાં હાજર રહેશે. છેલ્લા આઠ વર્ષથી રાજયની માધ્યમિક શાળામાં આચાર્યની બંધ થઈ ગયેલી ભરતીને ફરીથી ચાલુ કરવા માટે આ અધિવેશનનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

